"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                                 તા: ૨૧/૧૨/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________                                              સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

<u>લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ જયેશ બાબુભાઈ ગોયાણીના</u>

<u>અંગોનું દાન કરી ગોયાણી પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી</u>

<u>એક જ વ્યક્તિમાં પેન્ક્રીઆસ અને કિડનીનું ડ્યુઅલ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું</u>

નામ : જયેશ બાબુભાઈ ગોયાણી ઉ. વ. ૨૯ બ્લડ ગ્રુપ: B +VE

વ્યવસાય: વરાછા સ્પીનીંગ મિલની બાજુમાં આવેલ હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી : ઈશ્વરકૃપા વિભાગ – ૧, નંબર:૪, સ્પીનીંગ મિલની પાછળ, વરાછા રોડ, વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: સુખપર, તા: ગારીયાધાર, જી: ભાવનગર

કૌટુંબિક વિગત : પિતા: બાબુભાઈ રાજાભાઈ ગોયાણી ઉ. વ. ૫૩

વ્યવસાય: વરાછામાં આવેલ હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કાર્ય કરે છે.

માતા: મુક્તાબેન બાબુભાઈ ગોયાણી ઉ.વ. ૪૯

પત્ની: રીનાબેન જયેશભાઈ ગોયાણી ઉ. વ. ૨૭

પુત્રી: નવ્યા જયેશભાઈ ગોયાણી ઉ.વ. ૬

વરાછામાં આવેલ ડાયમંડ સ્કૂલમાં પહેલા ધોરણમાં અભ્યાસ

૨....

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

રવિવાર તા:૧૮મી ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ જયેશભાઈ વરાછા સ્પીનીંગ મિલની બાજુમાં આવેલ હીરાના કારખાનામાં પોતાની ફરજ દરમ્યાન લઘુશંકા કરવા માટે સાંજે આશરે ૬:૩૦ કલાકે બાથરૂમમાં ગયા હતા. અડધો કલાક સુધી બાથરૂમમાંથી બહાર ન આવતા હાજર રહેલા તેના સહકર્મચારીઓએ બાથરૂમનો દરવાજો ખખડાવ્યો હતો પરંતુ તેનો પ્રતિસાદ ન મળતા સહકર્મચારીઓએ બાથરૂમનો દરવાજો તોડતાં જયેશભાઈ બાથરૂમમાં બેભાન અવસ્થામાં પડ્યા હતા. તેથી તેમને તાત્કાલિક પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડ્યું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

વધુ સારવાર માટે તેમને રાત્રે ૮:૩૦ કલાકે આશુતોષ હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડો. કિરીટ શાહ ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

મંગળવાર ૨૦મી ડીસેમ્બર ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ અને ન્યુરોફીઝીશ્યન ડો. અનિરુધ્ધ આપ્ટેએ જયેશભાઈને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જયેશભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.
ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જયેશભાઈના પિતાશ્રી બાબુભાઈ, મોટાકાકા મનજીભાઈ, ગોકુળભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

જયેશભાઈના પિતાશ્રી બાબુભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમે વારંવાર વર્તમાનપત્રોમાં અંગદાન અંગેના સમાચારો વાંચતા હોઈએ છીએ, આજે જયારે અમારો દીકરો બ્રેનડેડ થઇ ગયો છે અને તેનું મૃત્યું નિશ્ચિત જ છે, ત્યારે તેના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેનાં અંગોનું દાન કરાવીને કોઈકના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૩....


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014




અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદી, ડો.જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની, પેન્ક્રીયાસ અને લીવરનું દાન સ્વીકાર્યું.જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યુ.

દાનમાં મેળવવામાં આવેલુ પેન્ક્રીઆસ અને એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરમસદના રહેવાસી યતીન પ્રવીણભાઈ પટેલ ઉ. વ. ૩૨માં અને બીજી કિડની અમદાવાદના રહેવાસી રેખાબેન જયસુખભાઈ ભેંસાણીયા ઉ. વ. ૪૧માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર વડોદરાના રહેવાસી પ્રદીપભાઈ નવનીતલાલ શાહ ઉ.વ. ૫૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની, પેન્ક્રીઆસ અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જયેશભાઈના પિતાશ્રી બાબુભાઈ, મોટાકાકા મનજીભાઈ અને ગોકુળભાઈ તેમજ ગોયાણી પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. કિરીટ શાહ, ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, આશુતોષ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા અને પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૭૮ કિડની, ૬૫ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હદય અને ૧૫૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૦૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961